
# ભગવાનની કૃપા

ડૉ. આઈ. કે. વીજળીવાળા

એક ખ્રિસ્તી યુવાન ઓલિમ્પિકની રમતોમાં તરવાની સ્પર્ધામાં ભાગ લેવાની તૈયારી કરી રહ્યો હતો. ભગવાન પર ખૂબ જ શ્રદ્ધા ધરાવતા કુટુંબમાં એનો ઉછેર થયો હતો. એક દિવસ રાત્રે નવ વાગ્યે એ એના ઘરની બાજુના જાહેર સ્નાનાગાર(સ્વિમિંગપુલ)માં પહોંચ્યો. હંમેશા મોડે સુધી શરૂ રહેતી સ્વિમિંગપુલની બધી જ લાઈટો બંધ જોઈને એને નવાઈ લાગી. સ્વિમિંગપુલની આજુબાજુની ઊંચી દીવાલોની કારણે અંધારું પણ ઘણું જ લાગતું હતું. પોતાની ધૂનમાં મસ્ત એ કૂદકો મારવાના સૌથી ઊંચા પાટિયા-ડાઈવિંગ બોર્ડ સુધી પહોચ્યો. ઊંધી ડાઈવ મારવા પાટિયા પર ઊંધો ઊભો રહીને બંને હાથ પહોળો કર્યા. એ જ સમયે પાછળના રોડ પરની લાઈટના લીધે સામેના બિલ્ડિંગ પર પડતો પોતાનો જ વિશાળ પડછાયો એની નજરે પડ્યો. પહોળા કરેલા હાથના કારણે પડછાયાનો આકાર વધસ્તંભ પર ચડેલા ભગવાન ઈસુખ્રિસ્ત જેવો લાગતો હતો. આમેય એ અતિશ્રદ્ધાળુ કુટુંબમાંથી આવતો હતો. આવું દ્રશ્ય જોતાં જ એના દિલમાં આસ્થાનો એક આવેગ આવી



ગયો. એનું મન ભગવાનની યાદથી ભરાઈ આવ્યું. ડાઈવ મારવાનું બે ક્ષણ માટે મુલતવી રાખીને એ પ્રાર્થના કરવા માટે ઝૂક્યો. અને મોટેથી બોલી ઊઠ્યો, ઓ ગોડ! પ્લીઝ બ્લેસ મી (અર્થાત્ હે ભગાવન! મારા પર કૃપા કરો) જોરથી બોલાયેલા એના શબ્દો સાંભાળી પુલની રખેવાળી કરતા ચોકીદારે સ્વિમિંગપુલની બધી લાઈટ્સ ચાલુ કરી દીધી. અચાનક પથરાઈ ગયેલા અજવાળાને કારણે પેલા યુવાને નીચે જોયું. એ સ્તબ્ધ અને ગળગળો થઈ ગયો. એ દિવસે સાફસૂફી માટે સ્વિમિંગપુલ ખાલી કરી નાંખવામાં આવ્યો હતો. એમાં જરા પણ પાણી નહોતું. જો એણે કૂદકો મારી દીધો હતો તો? એવો વિચાર પણ એને ધ્રુજાવી ગયો. ખરેખર ભગવાને એની પ્રાર્થના સાંભળી હતી. એ યુવાન ક્યાંય સુધી ઝૂકીને આંસુ ટપકતી આંખે ભગવાનનો આભાર માનતો બેસી રહ્યો. ખરેખર! એને યાદ કરીએ અને એ ન સાંભળે એવું ક્યારેય બનતું નથી. બસ, જરૂર હોય છે એને દિલથી સાદ પાડવાની.

▪